## જન્મદિને વધામણી



ભરત પાન્ભર
સભ્ય, શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ



હેમંતકુમાર બી નાયી
(૩૦-૯-૧૯૭૫) મો. ૯૮૯૮૦ ૦૮૨૬૪



હાર્દિક ઈશ્વરજી ઠાકોર
(૩૦-૯-૨૦૧૩)



નંદિની હાર્દિક રાવલ
(૩૦-૯)
મો. ૯૮૨૪૩ ૧૧૭૦૩

# પ્રેરણા વિદ્યાલયના માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસે



ગાંધીનગર, તા. ૨૯

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને સૌપ્રતમ પોઈચા સ્વામિનારાયણ મંદિર ખાતે લઈ જવામાં આવ્યા હતા. મંદિરની વિશાળતા અને બાંધકામ જોઈ વિદ્યાર્થીઓ ખૂબ જ ખુશ થયા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રાજપીપળા હરસિદ્ધિમાતાનાં દર્શન કર્યાં હતાં. ત્યાંથી વિદ્યાર્થીઓએ કેવડિયા કૉલોની સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી અને ડેમ અંગે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી.

એ પછી વિદ્યાર્થીઓએ વર્ષો પુરાણા સુરપાણેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લઈ મહાદેવનાં દર્શન કર્યાં હતાં અને ત્યારબાદ ડાકોર મંદિર ખાતે દર્શનનો લાભ લીધો હતો. એ જ રીતે વિદ્યાર્થીઓએ સિદ્ધિ વિનાયક મંદિર ખાતે પણ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

પ્રવાસમાં શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી સહિત સમગ્ર સ્ટાફ જોડાયો હતો. વિદ્યાર્થીઓને નિદર્શન પધ્ધતિથી તેમજ રૂબરૂ મુલાકાત પધ્ધતિથી ગમ્મત સાથે પોતાના જ્ઞાનને વધારવાનો પૂરો મોકો આ પ્રવાસ દરમ્યાન આપવામાં આવ્યો હતો.

# મિઝોરમ રાજ્યમાં યોજાયું ડૉ. કનૈયાલાલ ભટ્ટનું "પૂર્વોત્તરની ભાષાઓ" વિષયે વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૨૯

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય - નવી દિલ્હીના કેન્દ્રીય હિંદી નિદેશાલય દ્વારા મિઝોરમ હિંદી પ્રશિક્ષણ મહાવિદ્યાલય - આઈઝોલ મુકામે તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર - ૨૦૧૫ ના ત્રિ દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ટિ યોજાઈ ગઈ જેમાં દેશભરમાંથી પસંદ થયેલા દસ વિદ્વાનોમાં ગાંધીનગર-ગુજરાતના ડૉ. કનૈયાલાલ ભટ્ટે તા. ૨૨ ના રોજ " પૂર્વોત્તર ભારત કે જનજાતિયો કી ભાષાઓ કે વિકાસ મેં હિંદી કી ભૂમિકા " વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. તથા પ્રથમ દિવસની બીજી બેઠકમાં ડૉ. ભટ્ટના અધ્યક્ષપદે ડૉ. રામપ્રસાદ સકશેના (નાગપુર) અને શ્રી વાનલલફેલા (મિઝોરમ) એ પ્રસ્તુત વિષય પર વ્યાખ્યાનો આપ્યા અંતે અધ્યક્ષીય સંબોધનમાં ડૉ. ભટ્ટે પૂર્વોત્તરની બોલીઓને લિપિઓના અભાવને કારણે પડતી મૂશ્કેલીઓની વિગતે વાત કરી હતી. તથા હિંદીના ઉચ્ચારણીય ભેદો વિશે સમજ આપી હતી. આ બેઠકનું સંચાલન ડૉ. કંચન વર્મા (નવી દિલ્હી) એ કર્યું હતું.

અન્ય બે દિવસોમાં ડૉ. ઊર્મિલા શિરીષ (ભોપાલ), ડૉ. પરમલાલ અહિરવાલ (આગ્રા), ડૉ. સુશીલ ચૌધરી (શિલાંગ) તથા સ્થાનિક શ્રી મતી મરીના લલથ્લામુઆની, સુશ્રી રેબેક્કા, શ્રી વાનલલફેલા, ડૉ. લુઈસ હાઉહનાર, ડૉ. જૂડી લલેંગવારી, ડૉ. કમલાવતી દેવી ( મણિપુર) વગેરે પૂર્વોત્તર પ્રદેશોની ભાષાઓ. બોલીઓની સમસ્યાઓ અને વિકાસને લગતા પોતાના વક્તવ્યો આપ્યા હતા. આ ત્રિ-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ટિના ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે માનનીય સંસદીય કાર્યસચિવ- મિઝોરમ શ્રી એચ. જોથાંગલિઆના તથા પૂર્ણાહૂતિ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉચ્ચ અને તકનીકી શિક્ષણ મંત્રીશ્રી આર. રોઉમોયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમના હસ્તે ઉપસ્થિત રહેલ વિદ્વાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦
ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫
કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**
કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫,
૪.૨૦, ૧૦.૦૫
કૅલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦
બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# આર જી - એસ બી પટેલ શાળા ખાતે જ્ઞાન સપ્તાહ ઉજવાયું



ગાંધીનગર, તા. ૨૯

શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને ઍસ બી પટેલ ઉચ્ચમાધ્યમિક શાળા ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વપ્રથમ નગરના બગીચાઓની આસપાસ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાથે-સાથે હૉસ્ટેલના રસોડાની સફાઈ પણ હાથ ધરવામાં આવી હતી, જેમાં ઍનઍસઍસ અને ઍનસીસી કૅડેટ્સની ટીમ જોડાઈ હતી. એ પછી વર્ગ સુશોભન અને ગુજરાતી, અંગ્રેજી સુલેખન તથા ક્વિઝની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સફાઈ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા હેતુ ઍસટી ડૅપો ખાતે જઈ વિવિધ ગામોમાં રહેતા લોકોનો સંપર્ક સાધીને તેમને ઉપયોગી માહિતી આપવામાં આવી.

એ પછી સફાઈ અભિયાન અને સફાઈ વિષયક વક્તૃત્વ સ્પર્ધા, નિબંધલેખન સ્પર્ધા યોજાઈ તથા સરદાર વલ્લભભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો અંગેના સાહિત્યનું વાચન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓએ બહુવિકલ્પ પ્રશ્નો પણ તૈયાર કર્યા, જે કાર્યમાં શિક્ષકોએ તેમને માર્ગદર્શન આપ્યું. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું પણ શાળા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું અને બગીચા ઉપરાંત કંપાઉન્ડની સફાઈ પણ હાથ ધરવામાં આવી હતી.

ત્યારબાદ શિક્ષક સજ્જતા કસોટીના આધારે શ્રેષ્ઠ શિક્ષકોને ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા અને એમને પ્રમાણપત્રોનું વિતરણ ટ્રસ્ટી મંડળ તરફથી કરવામાં આવ્યું.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શિક્ષક વર્ષાબેન પારેખ તથા મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મુખ્યમંત્રીના હસ્તે સન્માન પામનારાં શિક્ષક ઉર્વશીબેન જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# એપોલો હોસ્પિટલે આરોગ્યવર્ધક હૃદય માટે આરોગ્યવર્ધક જીવન પર કેન્દ્રિત વર્લ્ડ હાર્ટ ડે મનાવ્યો

## આખો મહિનો રૂ. ૭૯૯માં વિશેષ હૃદય તપાસ પેકેજ જાહેર

## ૧૦ દિવસ ચાલેલી આરોગ્ય તપાસ શિબિરની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા. ૨૯

આરોગ્ય સંભાળની દિશામાં એકધાર્યા ક્રાંતિકારી અભિગમની રેખા પર આગેકૂચ કરતાં એપોલો હોસ્પિટલ્સ અમદાવાદ દ્વારા વર્લ્ડ હાર્ટ ડેના અવસરે હોસ્પિટલમાં દરદીઓ અને મુલાકાતીઓ માટે આરોગ્ય સંભાળ જાગૃતિ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે રૂ. ૭૯૯માં વર્લ્ડ હાર્ટ ડે પેકેજ રજૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી, જેનો ૨૯મી સપ્ટેમ્બરથી આરંભ કરતાં એક મહિના સુધી લાભ લઈ શકાશે.

હોસ્પિટલે આ સાથે દસ દિવસ સુધી ચલાવેલી આરોગ્ય તપાસ શિબિરની આજે પૂર્ણાહુતિ થઈ હતી, જે તપાસમાં બ્લડ પ્રેશર, શુગર ટેસ્ટ્સ સાથે ડોક્ટરો પાસેથી નિષ્ણાતોની સલાહનો સમાવેશ થતો હતો. વર્લ્ડ હાર્ટ ડેનું નિમિત્ત સાધી હોસ્પિટલમાં દરદીઓ અને મુલાકાતીઓ સાથે સંકળાયેલા કાર્ડિયોલોજિસ્ટો અને પોષણશાસ્ત્રીઓ આરોગ્યવર્ધક જીવનશૈલીનું પાલન કરીને અને તેમને જાગૃત કરીને હૃદય રોગ કઈ રીતે નિવારવો તે વિશે માહિતી પણ આપશે.

એપોલો હોસ્પિટલ્સના કાર્ડિયોલોજી વિભાગના પ્રમુખ ડીએમ ડાયરેક્ટર ડો. સમીર દાણીએ જણાવ્યું હતું કે આજની વ્યસ્ત જીવનશૈલી અને અંગત સંભાળને ઓછું મહત્ત્વ આપવામાં આવતું હોવાથી હૃદય રોગ યુવાનોમાં પણ વધી રહ્યો છે. આથી જ આરોગ્યવર્ધક હૃદય અને ઉત્તમ આરોગ્ય માટે બહેતર જીવનશૈલી જીવવાનું મહત્ત્વપૂર્ણ છે. આરોગ્યવર્ધક ખાવું, નિયમિત કસરત કરવી, સ્થૂળતાને કાબૂમાં રાખવી, હાઈપરટેન્શન અને ડાયાબીટીસ જૂજ વ્યવહારમાંથી એવા છે જે વહેલી ઉંમરે હૃદય રોગ નિવારવામાં અસરકારક ભૂમિકા ભજવી શકે છે. ઉપરાંત કોઈ પણ હૃદય સંબંધી રોગોનું નિદાન આરંભિક જ તબક્કામાં જ થઈ જાય તે માટે નિયમિત આરોગ્ય તપાસ કરાવવાનું આવશ્યક છે.

તેમણે ઉમેર્યું હતું કે વર્તમાન સમયમાં એ સમજી લેવાનું અત્યંત મહત્ત્વપૂર્ણ છે કે અગાઉ વૃદ્ધાવસ્થામાં પુરુષો સાથે હૃદયરોગ સંકળાયેલો હતો, જ્યારે આજે શહેરી અને ઝડપી જીવનશૈલીને લીધે સ્ત્રીઓ અને યુવાનોને પણ હૃદય રોગ તેટલો જ અસર કરી શકે છે.

આ અવસરે પોષણશાસ્ત્રી નુપૂર જૈને જણાવ્યું હતું કે વ્યસ્ત જીવનશૈલી, જંક ફૂડ, શારીરિક પ્રવૃત્તિનો અભાવ, પ્રદૂષણ અને તાણને લીધે હૃદય પર માઠી અસર પડે છે. આરોગ્યવર્ધક આહાર, એટલે કે, ઓછું તેલ, વાસી ખોરાક નહીં લેવો, ઓછા ફેટ્સ, ઉચ્ચ રેસાવાળા ખાદ્યનું સેવન, ઓમેગા ૩ ફેટી ઍસિડ્સ યુક્ત ખાદ્યનું સેવન સહિત જીવનશૈલીમાં અમુક ફેરફારથી હૃદય આરોગ્યવર્ધક રહેવાની ખાતરી રહે છે. ૨૯મી સપ્ટેમ્બરે દુનિયાભરમાં વર્લ્ડ હાર્ટ ડે મનાવવામાં આવે છે અને આ વર્ષે આ દિવસ હાર્ટ- હેલ્ધી એન્વાયર્નમેન્ટની થીમ સાથે પાળવામાં આવશે.

આ સમયે શ્રીમતી સ્વાતી પટેલ , સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ગાંધીનગર હાજર રહ્યા હતા

# નાસિક ખાતે ૩, ૪ ઑક્ટોબરે યોજાશે 'મડેથોન'

ગાંધીનગર, તા. ૨૯

આપણે ધાંધલધમાલભરી અને વ્યસ્ત લાઈફસ્ટાઈલ જીવતા હોઈએ છીએ અને અમુક વાર બાળપણ કેટલું સારું હતું એવું આપણને છાશવારે યાદ આપે છે. મડેથોન ૨૦૧૫ તમારું બાળપણ ફરીથી યાદ કરવાનો તમને મોકો આપે છે. સ્પેસ્ડ આઉટ સ્પિરિટ્સ દ્વારા આ ઈવેન્ટની જાહેરાત કરી છે, જે આ વર્ષે ૩ અને ૪ ઓક્ટોબરે નાશિકમાં યોજાશે. આ મડેથોનમાં ૧.૫ કિમી લાંબો ૩૦ ફીટ પહોળો ટ્રેક રહેશે અને સૌથી સારી વાત એ છે કે આ બધી મોજમજા કીચડમાં કરવાની છે.

આ ટ્રેકમાં ૧૨ અવરોધો રહેશે, જે સહભાગીઓએ ટીમ કે વ્યક્તિગત રીતે પાર કરીને આખરી રેખા સુધી પહોંચવાનું રહેશે. આ રોમાંચ અવરોધોભર્યા ટ્રેકમાં હવા ભરવાની ટ્યુબ, સ્લાઈડ્સ, ટનલો, બરફની ટાંકીઓ, બાર્બવાયર્સ, જાયન્ટ સ્ટેપ્સ, રોપ મેઝ, ઈનલાઈન ક્લાઈમ્બ્સ અને વૂડન અવરોધોનો સમાવેશ રહેશે, જે આ ભવ્ય ઈવેન્ટ માટે પાર કરવાના રહેશે. આટલું જ નહીં, મડેથોન અવરોધોના કોર્સ પછી કલાકારો દ્વારા ઘણા બધા ઉત્તમ પરફોર્મન્સ પણ રહેશે. મુખ્ય આકર્ષણ સિવાય મડ થેરપી, ચોકલેટ રેસલિંગ, ઝિપ- લીન અને માર્શલ આર્ટસ જેવી પ્રવૃત્તિઓ પણ સહભાગીઓ માટે ઓફરમાં રહેશે.

આ પહેલ વિશે બોલતાં સ્પેસ્ડ આઉટ સ્પિરિટ્સના ઈવેન્ટ ક્યુરેટર શ્રી રમેશ દામોધરને જણાવ્યું હતું કે પુખ્તો તરીકે આપણી પર ભરપૂર જવાબદારીઓ, કામ અને તાણનું દબાણ હોય છે અને તેથી અમે તે દૂર કરવા માટે મડેથોન લઈને આવ્યા છીએ. આ ઈવેન્ટ એવી પહેલ છે, જે તેને કે તેણી દરેકની અંદરનું બાળપણ તેમને ફરીથી ઉજાગર કરવાનો મોકો આપશે.

સહભાગીઓ વ્યક્તિગત રીતે કે ગ્રૂપ ફોર્મેટમાં કોર્સમાં દોડવાનું પણ પસંદ કરી શકે છે. આ સંકલ્પનાને યુવાનો અને નોકરિયાત વર્ગો પાસેથી પણ ભરપૂર હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ ઈવેન્ટમાં નાશિક, મુંબઈ, પુણે, બેન્ગલોર અને ગુજરાતથી મોટે ભાગે લોકોનો સહભાગ અપેક્ષિત છે. મડેથોન ઈન્ડિયા ૨૦૧૫ પર વધુ માહિતી માટે વેબ સાઈટ www.spacedoutspirits.comની મુલાકાત લેવા જણાવાયું છે.

# કૅન્સર કૅન બી ક્યૉર પુસ્તકનું આજે વિમોચન

ગાંધીનગર, તા. ૨૯

હૅલ્થકૅર ઈન્ટરનૅશનલ મલ્ટીથેરાપી ઈન્સ્ટીટ્યુટના ઉપક્રમે ડૉ. ચિરાગ શાહ લિખિત 'કૅન્સર કૅન બી ક્યોર' નામક પુસ્તકનું વિમોચન અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશનના સૅમિનાર હૉલ-૫ ખાતે બુધવારે બપોરે ૨.૩૦ કલાકે કરવામાં આવશે.

# સોલૈયા ગામે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા રેડક્રોસ સોસાયીના સહયોગથી સોલૈયા ગામે નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૧૨૪૭ ગ્રામજનોની તપાસણી કરવામાં આવી હતી.

# ચૌધરી મહિલા કૉલેજની વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટી યુવક મહોત્સવમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવ ૨૦૧૫-૧૬ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયો હતો, જેમાં પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર પ્રદર્શન કર્યુ હતું.

વક્તૃત્વ અને ડિબેટ સ્પર્ધામાં રૂપાલી તિવારી, શાસ્ત્રીય નૃત્ય (કથ્થક)માં હર્ષિદા જોષી, પોસ્ટર મેકિંગમાં પ્રિન્સી ભગત, ડિબેટમાં પાર્શ્વભૂમિ ચૌધરી, રંગોળીમાં કાજલ આર પરમાર અને પાદપૂર્તિ સ્પર્ધામાં રાજશ્રી શાહે ભાગ લઈ કૉલેજનું નામ રોશન કર્યુ હતું. આ તમામ વિદ્યાર્થીનીઓને કલ્ચરલ કમિટીના ઈન-ચાર્જ પ્રૉ. સોનલ મોદી તથા આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૨૫ ઑક્ટોબરના રોજ વાર્ષિક સમારોહ

ગાંધીનગર, તા. ૨૯

કોઈપણ હેદ્દેદાર વગરની સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગરના ઉપક્રમે આહીર સમાજના ધોરણ ૧થી ૧૨ તથા યુનિવર્સિટી, કૉલેજમાં ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓનો ૧૭મો વાર્ષિક સન્માન સમારોહ તારીખ પચીસ ઑક્ટોબરના રોજ ટાઉનહૉલ ખાતે યોજાઈ રહ્યો છે, જેમાં ધોરણદીઠ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને શિલ્ડ, પારિતોષિક આપીને સન્માનિત કરવામાં આવશે.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે આહીર સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કશીટની નકલ પાછળ નામ, સરનામું, મોબાઈલ નંબર લખીને તા. ૧૧ ઑક્ટોબર સુધીમાં મળે તે રીતે આહીર વિદ્યાર્થી ભવન, સૅક્ટર-૧૫, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલા ડ્રૉપ બૉક્સમાં પહોંચાડવાની રહેશે. સમાજના જે બાળકો સાંસ્કૃતિક કાર્યક્મ્માં ભાગ લેવા માગતા હોય તેમણે પોતાનાં નામ રાજસીભાઈ બોરીયા (મો. ૯૯૦૪૭ ૯૧૨૮૨)ને મોકલી આપવાના રહેશે. નિવૃત્ત થતાં, પ્રમોશન મેળવેલા તથા નવી નિમણૂંક પામેલા આહીર સમાજના સભ્યોનું પણ શુભેચ્છા સન્માન કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવ્યું છે. આ માટે સંબંધિત સભ્યોએ લખુભાઈ જોગલ (મો. ૯૮૭૯૫ ૦૭૬૨૯), અશ્વિનભાઈ જાટીયા (મો. ૯૮૨૪૬ ૩૯૩૭૫) અથવા દિનેશભાઈ છાત્રાડિયા (મો. ૯૪૨૭૬ ૦૧૫૬૯)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઈરાનમાં પૂજાતા એક ભારતીય ક્રાંતિકારી

## આપણા દેશમાં જેમના નામની પણ બહુ ઓછાને ખબર છે એવા મહાન ક્રાંતિકારી સૂફી અંબાપ્રસાદ ઈરાનમાં સંતની જેમ પૂજાય છે

એવું કલ્પી શકાય કે ભારતના કોઈ ક્રાંતિકારી ઈરાનમાં સંતની જેમ પૂજાતા હોય ? ત્યાં તેમની સમાધિ બનાવવામાં આવી હોય અને તેમની શહાદતની વરસી પર દર વર્ષે ઉર્સનું આયોજન થતું હોય ? ઈરાની પ્રજા આ ભારતીય ક્રાંતિકારીની મજાર પર ચાદર ચઢાવતી હોય અને માનતા રાખતી હોય ! હા, આપણા દેશમાં જેમના નામની પણ બહુ ઓછાને ખબર છે એવા મહાન ક્રાંતિકારી સૂફી અંબાપ્રસાદને ઈરાનમાં આટલો પૂજ્યભાવ પ્રાપ્ત છે.

એવું શું હતું આ ક્રાંતિકારીમાં ? ઈસ ૧૮૫૮માં ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં જન્મેલા આ ક્રાંતિકારીનું વકીલાતમાં ચિત્ત ચોંટ્યું નહીં, પરંતુ અંગ્રેજરાજ વિરુદ્ધ જુવાળ ઊભો કરવા ઉર્દૂમાં 'જામુલ ઉલૂમ' અને 'પેશવા' નામનાં અખબારોથી તેઓ તેજૈબી શૈલીમાં લખતા અને રાષ્ટ્રભક્તિથી તરબોળ 'પેશવા'ના જૂનાં અંકોનું પ્રખર વાચન શહીદ ભગતસિંહે પોતાની બાલ્યાવસ્થામાં કર્યુ હતું. રાજદ્રોહના આરોપસર આઠેક વર્ષનો જેલવાસ વેઠ્યા પછી પોતાના ક્રાંતિકારી સાથીઓ સાથે અંગ્રેજ પકડથી બચવા ચાલતાં-ચાલતાં ઈરાન પહોંચ્યા. (સાથીઓ પૈકીના એક ભગતસિંહના કાકા સરદાર અજિતસિંહ પણ હતા) ઈરાનમાં પણ અંગ્રેજો સામે એટલે જ વિરોધનો વંટોળ હતો, તેથી સૂફી અંબાપ્રસાદે આંદોલનને વેગ આપવા 'આબેહયાત' અખબાર શરૂ કરી અને કલમ ચલાવી. કારણ કે સૂફી પોતે દસ ભાષાઓના જાણકાર હતા. 'આબેહયાત' અને સૂફીની સક્રિય ભૂમિકાથી ઈરાનીઓ તેમના ચાહક અને ભક્ત બન્યા અને તેમને 'આકા સૂફી'ની ઓળખ આપી.

ઈરાનમાં સિરાજ નામના સ્થળે અંગ્રેજો સાથેની મૂઠભેડમાં સૂફીએ એક જ હાથેથી રિલ્વૉલ્વર ચલાવી અંગ્રેજોની લાશો ઢાળી પણ છેવટે પકડાઈ જતાં મૃત્યુદંડની સજા થઈ. ૩૦ સપ્ટેમ્બરે તેમને ગોળીએ દેવાના હતા પરંતુ તે પહેલાં વહેલી સવારે તેમણે જેલમાં સ્વેચ્છાએ જ પ્રાણ ત્યાજી દીધા.

આજે એમની શહાદતને ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે, ત્યારે કમ સે કમ તેમને યાદ કરી આ દેશભક્તનું ઋણ ઉતારીએ.

- યતીન કંસારા

